## ટ્રેક નં. ૭ : પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત વિષે

✻ પૂજ્ય બેનશ્રીના વચનામૃત તો છે દિવ્યધારા સમ. સાંભળતા ભવ ભવના ફેરા ટળી જાય. આ વચનામૃતના કેટલાક બોલનું વિશ્લેષણ સમજીએ તત્ત્વ ચર્ચામાંથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : વચનામૃત આવીયા હાથ આરો મારો ભવનો રે આવીયો.
નિર્ગ્રંથ પ્રવચન અને બાર અંગ સાર છે. ષટ દર્શનમાંહી સર્વોત્તમ તત્ત્વ છે.
જ્ઞાનીનું હૈયું ઓળખાય કિનારો મારો ભવનો અંત આવીયો.

✻ પ્રશ્ન : પાનીકી પ્યાસ લગે તો પર્વતકે પાસ દોડકે જાય, ઐસા અપનેકો આત્માકી પ્યાસ લગે સમજનેકી તો જ્ઞાનીકે પાસ દોડકે જાય. યે બોલકા અર્થ સમજાનેકી વિનંતી હૈ.

● ઉત્તર : ઈસકા અર્થ ઐસા હૈ કે જો પ્યાસ લગી હોવે તો યે દોડકે જાય. પણ પ્યાસ લગી નહીં હૈ તો માત્ર ઉપર ઉપરસે કરતે હૈ. સત્‌કી પ્યાસ લગે તો તો ભીતરમેં પ્રયાસ કિયા બિના રહતે નહીં હૈ. વો તો પ્રયાસ કરતા હૈ હી. પણ પ્યાસ લગી હી નહીં હૈ. પ્યાસ લગે તો જહાં મિલે વહાં સુનનેકો જાય. ભીતરમેં પ્રયાસ કરે, ઉપદેશ સુને. ક્યા કહતે હૈ ગુરુદેવ? ઔર ભગવાન ક્યા કહતે હૈ? વો વિચાર કરે. ભીતરમેં ભેદજ્ઞાન કરનેકા પ્રયાસ કરે. જો સચ્ચી લગી હો તો 'મૈં જ્ઞાયક હૂઁ, મૈં જ્ઞાયક હૂઁ યે (પર) મેરા સ્વભાવ નહીં હૈ' ઐસે જ્ઞાયકકો પ્રગટ કરનેકી જો પ્યાસ લગી હોવે તો કરે બિના રહતે હી નહીં હૈ. સબ ભી મુશ્કેલી પડે, તો ભી સબ દૂર કરકે ગૌણ કરકે વો કરતા હી હૈ. પર સચ્ચી પ્યાસ લગી નહીં હૈ. પ્યાસ લગે તો વો હોતા હી હૈ. ઔર કહતા હૈ કૈસે કરના? કેમ કરના? કહતા હૈ બહોત કરના હૈ. પર બહોત કરતા હી નહીં હૈ. પ્યાસ લગી હોવે તો પ્રયત્ન હોતા હી હૈ. હુએ બિના રહતા હી નહીં હૈ.

✻ પ્રશ્ન : પ્યાસ લગી હૈ વો કૈસે પતા ચલે ?

● ઉત્તર : પ્યાસ લગી હો તો પ્રયત્ન કરતા હી હૈ, પ્રયત્ન નહીં

કરતા હૈ તો સમઝના પ્યાસ નહીં લગી હૈ. પ્રયત્ન જરૂર કરતા હૈ. (પ્યાસ લગી હૈ તો).

✽ પ્રશ્ન : 'જો તને ક્યાંય ન ગમે' એ બોલ છે એમાં શરત છે. તો અમારી જેવા અજ્ઞાનીને 'ક્યાંય ન ગમે' એવી દશા ન હોય તો શું કરવું? ન ગમે તો?

● ઉત્તર : ક્યાંય ન ગમતું હોય અને બહારમાં રુચિ લાગતી હોય તો રુચી કરવા જેવી છે? વિચાર કરે. કોઈ વાર કોઈને એમ થઈ જાય કે રસ ન પડે. બહારની અનુકૂળતાના પ્રસંગોમાં એને રુચિ લાગે છે અને પ્રતિકૂળતાના પ્રસંગમાં ખેદ થાય છે. એ ખેદ થાય છે ત્યારે વિચાર કરવો કે આ બહારના અનુકૂળતાના પ્રતિકૂળતાના પ્રસંગો બન્યા કરે તો કોઈ તત્ત્વ એવું હોવું જોઈએ કે આત્મામાં સંતોષ છે. તૃપ્તિ છે. માટે એ તત્ત્વને શોધ. બહારમાં કોઈ એક સરખું રહેતું નથી. ફેરફારો ફેરફારો થયા કરે છે. ક્યાંય ન ગમતું હોય. કોઈ પ્રસંગો એને એવા પણ બને છે. કોઈકમાં રુચિ લાગે ને કોઈમાં અરુચિ લાગે. કાંઈ બધા પ્રસંગો ઈચ્છા પ્રમાણે બનતા નથી. એ ઈચ્છાથી વિરુદ્ધ બને ત્યારે તેને ખેદ પણ થાય છે. એને ન ગમે એવું પણ થાય છે. પણ એ પોતે પકડી શકતો નથી. ન ગમે એવા તો ઘણા પ્રસંગો બને. (ઈ ન ગમે એવા તો ઘણા પ્રસંગો બને.) એ પોતે ચિત્તમાં વિચાર કરીને નિર્ણય કરે એવા તો ઘણા પ્રસંગો બને છે પણ પોતે સ્થૂળબુદ્ધિને કારણે જ્યાંત્યાં સલવાઈ જાય છે. અને બધામાં પોતે રુચિ કરતો, તન્મયતા કરતો વિભાવમાં બહારમાં ફરે છે. અંદર વિચાર કરે તો બહારમાં ક્યાંય ન ગમે એવા પણ પ્રસંગો બને છે. માટે વિચાર કર કે ક્યાંય સુખ નથી પણ સુખ આત્મામાં છે. તારા આત્મામાં બધું ભર્યું છે. આત્માનું અસ્તિત્ત્વ ગ્રહણ કર. એમાં જ્ઞાન અને આનંદ-સુખ બધું એમાં ભર્યું છે. માટે એમાં તું જા. એમાં તને ગમશે. એ તારું રહેવાનું સ્થાન છે. એ તારા સુખનું ધામ છે. એમાં તું જા. તો તને એમાંથી સુખ પ્રગટ થશે. રહેવાનું સ્થાન—

રહેઠાણ હોય તો એ ચૈતન્ય છે.

✻ પ્રશ્ન : બહારમાં ક્યાંય ન ગમતું હોય તો જ આમાં ગમે એવું તો નથી ને?

● ઉત્તર : બહારમાં ક્યાંય ન ગમતું હોય તો જ આમાં ગમે. બહારની રુચિ જેને લાગે એને આત્માની રુચિ નથી. જેને આત્માની રુચિ લાગે એને બહારની રુચિ તૂટી જાય છે. બહારમાં જેને રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી. તે આત્મા તરફ જઈ શકતો નથી. અનાદિકાળથી બહારમાં પોતે તન્મય થઈને રહ્યો છે એટલે આત્માની લગની લગાડી નથી. આત્માની રુચિ લાગે તો જ આત્મા તરફ જવાય એવું છે. ઘણા કહેને ક્યાંય ગમે નહીં, ક્યાંય ગમે નહીં, પણ તારા આત્માનું અસ્તિત્ત્વ ગ્રહણ કર. એ તારું રહેવાનું સ્થાન છે. એમાં તને ગમે એવું છે. એ સુખનું ધામ છે માટે તું એને ગ્રહણ કર. અને એ જાતનો પુરુષાર્થ કર. તો તને એમાંથી જ સુખ પ્રગટ થશે. પણ બહારમાં ન ગમે તો જ અંદરમાં જવાય એવું છે. બહાર જેને રુચે એને માટે તો બહારનો સંસાર ઊભો જ છે.

✻ પ્રશ્ન : અંદરમાં સુખ જોયું નથી તો વિશ્વાસ કેવી રીતે કરાય?

● ઉત્તર : તે સુખને જોયું નથી પણ બહાર ક્યાંય રુચતું નથી અને સુખને ઈચ્છી રહ્યો છે. સુખની ઈચ્છા છે. બહાર ક્યાંય એને ચેન નથી, રુચિ નથી તો સુખનો એક પદાર્થ જગતમાં છે, એને તું તારા વિચારથી ગ્રહણ કર. તત્ત્વને ગહણ કર. એમાં જ સુખ છે, જે દેવગુરુશાસ્ત્ર બતાવી રહ્યા છે, મુનિવરોએ પ્રગટ કર્યું છે. અનંતા તીર્થંકરોએ સુખનું ધામ પ્રગટ કર્યું અને લોકો બધાએ-મહાપુરુષોએ બતાવ્યું છે. માટે તું વિચાર કર તો તારા આત્મામાં જ સુખ છે. તને દેખાતું નથી. જે તીર્થંકરોએ, મહાપુરુષોએ, ગુરુવરે કીધું છે, તે તું તત્ત્વનો વિચાર કરીને અંદર જો તો તને પણ દેખાશે. તારો આત્મા તને અંદરથી જવાબ આપી દેશે. તો તું તારા સ્વભાવ અંદર જો.

જાણનારો અંદર બિરાજે છે. આ બધું કંઈ જાણતું નથી. જાણનારો બિરાજે છે એમાં જ સુખ છે. વિચાર કર તો તે પ્રતીત આવ્યા વગર રહેશે નહીં. એ માર્ગે જ અનંતા તીર્થંકરો મોક્ષે ગયા છે અને એમણે માર્ગ બતાવ્યો છે. એનો વિશ્વાસ લાવીને અંતરમાં તું વિચાર કર તો તને વિશ્વાસ આવ્યા વગર રહેશે નહીં.

✻ પ્રશ્ન : વચનામૃતમેં આતા હૈ 'તુઝે કંઈ અચ્છા ન લગે તો આત્મામેં રુચિ કર.'

ઉત્તર : 'ક્યાંય ન ગમે તો' 'તેરે કો તો બહારમેં અચ્છા ન લગે તો' કોઈ કહતા હૈ બહારમેં અચ્છા નહીં. તો અચ્છા આત્મામેં હૈ તો આત્મામેં દૃષ્ટિ કર. ઉસમેં આનંદ પડા હૈ. ઉસમેં હી પ્રગટ આત્મામેં અચ્છા હૈ. આત્મામેં હી અચ્છા હૈ. આત્મા મેં હી આનંદ ઔર આત્માકા સ્વભાવ તેરા સ્વભાવ તુઝે અચ્છા લગેગા. બહાર તો આકુળતા હી આકુળતા હૈ. જહાં દેખે તો આકુળતા હી હૈ. બહારમેં કુછ શાંતિ તો હૈ નહીં, એટલે તું આત્મા તરફ દૃષ્ટિ કર. આત્માકો પહિચાન, આત્મામેં લીનતા કર. ઉસમેં આનંદ ભરા હૈ તો ઉસમેં તેરે કો અચ્છા લગેગા. વોહી અપના સ્વરૂપ હૈ. તેરે કો યે અનુકૂળ ઔર તેરેકો આનંદ સ્વરૂપ લગેગા. તો ઉસમેં રુચિ કર. યે અપના સ્વઘર હૈ. તેરા સ્વભાવ હૈ. ઈસલિયે વો આનંદદાયક હૈ. તો ઈસમેં તુ જા. ઈસકી પ્રતીતિ કર, જ્ઞાન કર. તું ઈસમેં જા તો તેરેકો અચ્છા લગેગા. શાસ્ત્રમાં આવે છે ને? આમાં સદા- ઈસમેં તું પ્રીતિ કર, રુચિ કર. તો તને ઉત્તમ સુખ પ્રાપ્ત થશે. આશ્ચર્યકારી ઉત્તમ સુખ આત્મામેંસે પ્રગટ હોગા. એક જ્ઞાન સ્વરૂપ આત્મા, જ્ઞાયક સ્વરૂપ આત્મામેં સબ કુછ ભરા હૈ. બહારમેં કુછ નહીં હૈ. જ્ઞાન સ્વરૂપ આત્મામેં સબ ભરા હૈ. સંતુષ્ટ રહો. ઉસમેં તેરેકો સંતોષ હોગા. ઉસમેં તેરેકો તૃપ્તિ હોગી. બહાર જાનેકી ઈચ્છા ભી નહીં હોગી. ઐસે તેરે આત્મામેં ગમાડ. ઉસમેં આનંદ ભરા હૈ.

✻ પ્રશ્ન : બેનશ્રી આપે અડતાલીસમાં બોલમાં વચનામૃતમાં

કહ્યું છે કે જાળમાં બંધાયેલો કરોળીયો જેમ છૂટવા માંગતો હોય તો છૂટી શકે છે. તેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં ઉપાધિમાં ફસાય છે પણ માણસ તરીકે છૂટો છે. આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાંત જે આપે કીધો કે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયેલો નથી. આ દૃષ્ટાંત જ સમજાતો નથી. માણસ તરીકે છૂટ્ટો છે અને ઉપાધિમાં બંધાયેલો છે એને આમાં ઉતારવો કેવી રીતે ?

● ઉત્તર : દૃષ્ટાંત છે ને બધી રીતે લાગુ પડે નહીં. એનો આશય ગ્રહણ કરવો જોઈએ કે માણસ તો એકદમ છૂટો છે. અને ઉપાધિમાં બંધાયેલો એ દૃષ્ટાંત તો સ્થૂલ છે. બહારથી બંધાયેલો. આમ કંઈ બંધાયેલો નથી. એ દૃષ્ટાંત તો એટલા પૂરતો છે કે ચૈતન્ય દ્રવ્ય વાસ્તવિક રીતે પરદ્રવ્ય સાથે બંધાયેલો નથી. દ્રવ્ય તરીકે છૂટો જ છે. ચૈતન્ય દ્રવ્ય પુદ્‌ગલ સાથે કંઈ બંધનમાં આવ્યું નથી. એ તો જડ છે અને પોતે ચેતન છે. ચૈતન્ય ચૈતન્ય તરીકે છૂટો જ છે અને પુદ્‌ગલ પુદ્‌ગલરૂપે છૂટું છે. બન્ને છૂટા દ્રવ્યો છે છતાં પણ પોતે ભ્રમણાથી વિકલ્પની પરિણતિમાં માની લીધું છે કે હું બંધાઈ ગયો છું. હું શરીરૂપ થઈ ગયો. હું વિકલ્પરૂપ થઈ ગયો. એમ પોતે માની લીધું છે. બાકી દ્રવ્ય કાંઈ પરદ્રવ્ય રૂપે થયું નથી. એ તો છૂટું જ છે. એને છૂટું છે એને તું છૂટું જાણી લે. અને આ કલ્પના થઈ ગઈ છે કે હું આમાં બંધાય ગયો, હું શરીરરૂપ થઈ ગયો, વિકલ્પરૂપ થઈ ગયો, એમાંથી તારી માન્યતા-ભ્રમણા છોડી દે. તું તો છૂટ્ટો જ છે. એ છૂટ્ટાને તું ગ્રહણ કરી લે. છૂટેલો બંધનમાં આવી ગયો હોય તો તેને એમ થાય કે આ બંધન કેમ તોડું? પણ તું વાસ્તવિકરીતે બંધાયેલો જ નથી. માટે તું છૂટ્ટો છે. એ આશય ગ્રહણ કરી લે. વાસ્તવિક છૂટો છે એ છૂટાને છૂટારૂપે ગ્રહણ કરી લે. પરિણતિની અંદર ભ્રમણાને લીધે માન્યતા એવી થઈ ગઈ છે માટે તારી માન્યતાને ફેરવી નાખ. હું છુટ્ટો જ છું. એ જ પરિણતિ થાય છે ને પરિણતિ વિભાવની એ વિભાવ તરફ દૃષ્ટિ નહીં દેતા હું છૂટો છું એને

ગ્રહણ કર. પર્યાયમાં જે પરિણતિ થાય તે પર્યાયને ગૌણ કરીને હું દ્રવ્ય તરીકે છૂટ્ટો જ છું એમ ગ્રહણ કરી લે. કરોળીયો કરોળીયા તરીકે છૂટ્ટો છે એ જાળ એની. તારી પર્યાયની પરિણતિ જે થાય પણ તું દ્રવ્ય તરીકે છૂટ્ટો છે. માટે દ્રવ્યને ગ્રહણ કરી લે. તું દ્રવ્ય તરીકે ન્યારો છે. એટલી એમાં સાબિતી કરવી છે કે તું દ્રવ્ય તરીકે છૂટ્ટો છે માટે તું છૂટ્ટાને ગ્રહણ કરી લે. તું બંધાઈ ગયો નથી. તું મુક્ત જ છે. મુક્તને ગ્રહણ કરી લે એમ કહેવું છે. માણસ તરીકે છૂટ્ટો ને બંધાયેલો એ સ્થૂળ છે પણ કહેવું છે તું પોતે દ્રવ્ય તરીકે છૂટ્ટો છે. આત્માએ અનાદિકાળથી ગમે તેટલા ભવો કર્યા, ગમે તેવા વિભાવો થયા પણ તું તો દ્રવ્ય તરીકે શુદ્ધ આત્મા છૂટ્ટો જ છે. માટે તું એને ગ્રહણ કર. તેના તરફ જો. તો તું દ્રવ્યદષ્ટિએ છૂટ્ટો છે. બંધાઈ ગયો, એ બંધાઈ ગયો. ઓલા થાંભલાને ગુરુદેવ કહેતા હતા કે પોતે બાથ ભીડીને કહે કે મને છોડ. તે જ એને ગ્રહણ કર્યો છે, તું છોડી દે. એમ પોતે બધી પર્યાયની પરિણતિ—પોતે જ બધું ભ્રમણાથી—પોતાની પરિણતિ પુરુષાર્થની મંદતાથી વિભાવની પરિણતિ પોતે કરી છે. હવે કહે છે તું મને છોડ. પણ તું છૂટ્ટો જ છે તું એને છોડી દે. તારી એકત્વ બુદ્ધિને તું જ તોડી દે તો તું છૂટ્ટો જ છો એમ.

*** પ્રશ્ન : બોલ આવે છે વચનામૃતમાં કે જ્ઞાનીની દૃષ્ટિ સતત ધ્રુવ સામાન્ય ઉપર રહે છે. સતત ભેદવિજ્ઞાનની ધારા ચાલે અને જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય સામાન્ય ઉપર સ્થિર રહે છે. જ્ઞાનીની દ્રવ્ય ઉપર દૃષ્ટિ ને ભેદવિજ્ઞાનની ધારા સતત એક કાળે ચાલે બંને એકસાથે કેમ બની શકે ?**

● ઉત્તર : એકસાથે હોઈ શકે છે. દૃષ્ટિ અને જ્ઞાન બંને એકસાથે રહે છે. સામાન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે છે અને ભેદજ્ઞાનની ધારા રહે છે. બંને સાથે રહે છે. દૃષ્ટિ અને જ્ઞાન બંને એકસાથે કામ કરે છે. સ્વ ઉપર દૃષ્ટિ જામેલી છે. જ્ઞાન પોતાને જાણે છે અને આ હું નથી એમ પણ જાણે છે. 'હું ચૈતન્ય જ્ઞાયક છું અને

આ વિભાવ તે હું નથી. આ સ્વભાવ તે હું અને આ વિભાવ તે હું નથી.' એવી જ્ઞાતાપણાની ધારા ચાલુ રહે છે અને દૃષ્ટિ 'હું અખંડ શાશ્વત દ્રવ્ય છું' એમ દૃષ્ટિ પણ રહે છે. દૃષ્ટિ અને જ્ઞાન બંને સાથે રહે છે. દૃષ્ટિ અને જ્ઞાન બંને સાથે રહેવામાં કોઈ વિરોધ નથી. બંને સાથે રહે છે એકસાથે.

✻ પ્રશ્ન : એક બોલમેં આપને લિખા હૈ ઉસમેં શુભભાવકા ઐસે શબ્દ આયા હૈ. મુઝે પરકી ચિંતા નહીં, મુઝે પરકી ચિંતાકા ક્યા પ્રયોજન હૈ? મેરા આત્મા સદાય અકેલા હૈ ઐસા જ્ઞાની જાનતે હૈ. ભૂમિકાઅનુસાર શુભ ભાવ આતે હૈ.' યહાં શુભભાવ આતે હૈ. તો જ્ઞાનીકો તો શુભ અશુભ ભાવ દોનોં બનતા હૈ. યહાં શબ્દમેં શુભભાવ આતે હૈ યે શુભભાવ મુનિકો હી લગાના પડેગા.

● ઉત્તર : ભૂમિકા અનુસાર શુભભાવ આતે હૈ. અશુભભાવ તો રહતા હૈ. ભૂમિકાઅનુસાર—એટલે શુભભાવકી બાત કિયા હૈ. ઈસલિયે મુનિકે લિયે સબ જ્ઞાનીકે લિયે હૈ.

✻ પ્રશ્ન : ભૂમિકા અનુસાર શુભ અશુભ દોનો આતે હૈ?

● ઉત્તર : હા. દોનોં આતે હૈ. શુભભાવ આયે ઐસા નહીં હૈ. દોનોં આતે હૈ. શુભભાવકી વાત કરી હૈ. આતે હૈ તો દોનોં આતે હૈ. (૮૭ બોલમેં થા. શુભકી વાત કરી છે.) વો તો આતે હી હૈ. 'મારે એની સાથે શું પ્રયોજન છે? મારે આત્મા સાથે પ્રયોજન છે. બહાર સાથે પ્રયોજન નથી.' શુભ ભૂમિકા કે અનુસાર—એની વિશેષતા નથી ને? એ તો હોતે હૈ ભૂમિકા અનુસાર હૈ. જીવ અટક જાતે હૈ તો શુભમેં અટક જાતે હૈ. કોઈકા પ્રયોજન નહી હૈ મેરે આત્માકા પ્રયોજન હૈ. મેરા આત્માકા પ્રયોજન હૈ.

✻ પ્રશ્ન : વચનામૃત બોલ ૪૦૧ માં 'વિભાવભાવમાં પરદેશપણાની અનુભૂતિ' વ્યક્ત કરી છે અને અનંતગુણોનો પરિવાર એ અમારો સ્વદેશ છે. તે તરફ જઈ રહ્યા છે. આમ એક જ દ્રવ્યમાં એક સ્થાનેથી બીજા સ્થાને ગતિ ક્રિયા અને જુદા જુદા વિભાવ હોય એવો અનુભવ કઈ રીતે?

● ઉત્તર : આ તો એક ભાવનાની વાત છે. વિભાવ મારો દેશ નથી. તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. ચૈતન્યદેશ અમારો છે પણ હજી અધૂરી પર્યાય છે એટલે આ વિભાવ અમારો દેશ નથી. આ દેશમાં અમે ક્યાંથી આવી પડ્યા? દેશ તો ચૈતન્યસ્વદેશ અમારો છે. આ તો વિભાવ તો પરદેશ છે. અહીંયા ક્યાંથી આવી પડ્યા? એ તો બધા વિભાવ કોઈ અમારા નથી. અમારું બધું અમારા સ્વદેશમાં. ગુણો તે અમારા છે. એની દૃષ્ટિ ભલે અખંડ ઉપર છે અને જ્ઞાનમાં એની ભાવનામાં આગળ વધવા માટે. ચારિત્રની પર્યાયમાં આગળ વધવા માટે એને ભાવના અનેક જાતની આવે છે કે આ તો બધો પરદેશ છે. મારો સ્વદેશ તો મારા ગુણો છે એ સ્વદેશ છે. એ સ્વદેશ તરફ અમારી પુરુષાર્થની ગતિ એ તરફ હો. અમારે વિભાવ તરફ જવું નથી. દૃષ્ટિ અપેક્ષાએ ભલે સ્વદેશમાં-સ્વદેશને ગ્રહણ કર્યું. પરિણતિ અમુક પ્રકારે સ્વ તરફ ગઈ હોય પણ વિશેષ વિશેષ અમે સ્વદેશમાં જઈએ. અમારી પુરુષાર્થની ગતિ સ્વદેશમાં જાય, અને વિભાવ અમારો દેશ નથી. એમ ભાવનામાં આવી શકે છે. સાધકને બધી જાતની ભાવના આવે છે. અહીંયા દૃષ્ટિ મૂકી વિભાવ તરફ જવાથી કોઈ અમારું દેખાતું નથી. આ ચૈતન્યના સ્વદેશ તરફ જાય ત્યાં બધા અમારા છે. આ તો બધો વિભાવ છે. વિભાવો પરભાવો છે એમ એની ભાવનામાં હોઈ શકે છે.

✻ પ્રશ્ન : ત્યાં બધું અમારું છે. એટલે જાણીતું છે ઓળખીતું છે. કાયમી રહેવાના છે એ બધું શું લાગતું હશે ?

● ઉત્તર : એ તો એને ભાવના. પોતે જે સ્વદેશ જોયો છે, જોયો છે એ કહી શકે છે આ બધા અમારા જ છે. આ ગુણો અમારા સાથે રહેનારા શાશ્વતા છે. એ બધા અમારા છે. અનંત ગુણોથી ભરપૂર જેમાં અનંત શુદ્ધ પર્યાયો શુદ્ધ આત્માની પ્રગટે છે. જે અનંત ગુણોથી ભરપૂર એ એવું ચૈતન્ય દ્રવ્ય—એની સ્વાનુભૂતિ જ્યાં થઈ ત્યાં એમ થાય કે આ બધા અમારા છે. દ્રવ્ય—અખંડદ્રવ્ય ઉપર દૃષ્ટિ

છે તો પણ ગુણો ને બધું એના જ્ઞાનમાં વર્તે છે કે આ બધું અમારું છે. એને ભાવનામાં આ બધું આવે છે. દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર અનેક પ્રકારની અપેક્ષાઓ સાધ્ય સાધક ભાવમાં હોય છે. એને 'અનેકાંતમય મૂર્તિ નિત્યમેવ પ્રકાશમાન' એને અનેકાંત સ્વભાવ છે. એક બાજુથી જુએ તો કલેશની કાલિમા દેખાય, એક કોર શુદ્ધ આત્મા દેખાય. એક કોર સાધક દશા હો, અનેક જાતની પર્યાયો બધી દેખાય એ અનેકાંત સ્વરૂપ છે. અનેક બધી અપેક્ષાઓ સાધક દશામાં હોય છે.

✻ પ્રશ્ન : પહેલા તેને વિચારવું એટલે શું ?

● ઉત્તર : પહેલાં વિચારવું. પહેલા નક્કી કરે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન દ્વારા નક્કી કરે કે આ હું આત્મા જ છું. આ બીજા વિભાવ છે એ હું નથી. 'મેં આત્મા હી હૂઁ' ઐસા નિર્ણય કરતે હૈ. હું આત્મા જ છું અને આ બધુ જુદું છે એમ નિર્ણય કરીને અંતરમાં ઠરે છે. જે ક્ષણે વિકલ્પ તૂટે તે ક્ષણે પોતાને સ્વાનુભૂતિ થાય છે. બે ક્ષણ એક જ છે. પહેલા વિકલ્પ તૂટતો તૂટતો જાય ને પછી સ્વાનુભૂતિ થાય એમ નહીં. નાનામાં નાનો વિકલ્પ અને ઊંચામાં ઊંચો વિકલ્પ પણ એ વિકલ્પ જ છે. મંદ કે તીવ્ર પણ એ બધે વિકલ્પ જ છે. જે ક્ષણે તૂટે એ જ ક્ષણે નિર્વિકલ્પ થાય. અને નિર્વિકલ્પ થાય એ ક્ષણે જ તૂટે. એ ક્ષણે આનંદ અને એ ક્ષણે સ્વાનુભૂતિ. બધું સાથે.

✻ પ્રશ્ન : વિકલ્પ તૂટે પછી એકલું જ્ઞાન રહી જતું હશે ને ?

● ઉત્તર : એકલો ચૈતન્ય. અનંત ગુણથી ભરેલો એકલો ચૈતન્ય. જ્ઞાન એટલે એકલો ગુણ નહીં આખો જ્ઞાયક.

સદ્‌ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.